અગ્રતા ક્રમ નં. :૦૧

પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૬૪

વિષય : જામનગરના જામજોધપુર તાલુકાના જીણાવારી ગામે વર્તુ નદી પર ડેમ બનાવવા બાબત

મુળ પ્રશ્ન પુછનાર:
માન. ધારાસભ્યશ્રી હેમંતભાઈ હરદાસભાઇ આહિર(જામજોધપુર)

## પુરક નોંધ

### યોજનાકીય માહિતિ

- જીણાવારી નાની સિંચાઇ યોજના, જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના જીણાવારી ગામથી ૫૦૦ મીટર ઉપરવાસમાં વર્તુ નદીની પ્રશાખા પર સુચિત કરવામાં આવેલ છે.
- યોજનાનો સ્ત્રાવક્ષેત્ર ૧૨.૬૦ સ્ક્વેર કી.મી. છે. યોજનાથી અંદાજે ૬૩.૭૫ એમ.સી. એફ.ટી. પાણીનો જથ્થો સંગ્રહ થશે તથા જીણાવારી , મોટીગોપ, સોનવડીયા, તથા રબારીકાના ખરીફ માટે ૩૦૦ હેકટર અને રવિ માટે ૯૭ હેકટર એમ કુલ મળી ૩૯૭ હેકટર વિસ્તારને યોજનાનો લાભ મળશે.
- જીણાવારી નાની સિંચાઇ યોજનાથી થનાર સ્ત્રાવક્ષેત્રને, હયાત વર્તુ-૧ સિંચાઇ યોજનાના સ્ત્રાવક્ષેત્રના આંતરક્ષેપનને સરકારશ્રી દ્વારા તા: ૧૪-૧૨-૧૯૯૮ થી ખાસ કિસ્સા તરીકે મંજુરી આપવામાં આવેલ છે.
- તા: ૧૬-૭-૧૯૯૯ થી જીણાવારી નાની સિંચાઇ યોજનાના દાર્શનિક અહેવાલને શરતી મંજુરી આપવામાં આવેલ છે.

- જે અન્વયે યોજનાના જુદા જુદા વિકલ્પો ચકાસી ૦૧-૦૭-૨૦૦૩ થી યોગ્ય વિકલ્પ આખરીકરણ કરવામાં આવેલ. જે અન્વયે મંજુર થયેલ વિકલ્પ મુજબ સૂચિત સ્થળના ડેમ એલાઇનમેન્ટ પર ભૂસ્તરીય સંશોધન અર્થે ડ્રીલીંગ કામગીરી પૂર્ણ કરી તે અંગેનો ભુસ્તરીય અહેવાલ તૈયાર કરેલ. સદરહુ યોજના ઓગી ટાઇપ દરવાજા વગરની બનાવવાનું આયોજન છે.
- જે મુજબ યોજનાના વિગતવાર સર્વે , સંશોધન કરી આલેખન અને અંદાજો બનાવી યોજનાકીય અહેવાલ તમામ આર્થિક અને તાંત્રિક પાસાઓ આવરીને રજુ કરવાનો થાય છે.
- સદરહુ યોજનાના ડુબાણ તેમજ ડેમ શીટ માટે કુલ ૫૭.૮૫ હેક્ટર જમીન ડૂબમા જાય છે. જેમા ૧૦૦ સર્વે નંબરનો સમાવેશ થાય છે (યાદી આ સાથે સામેલ છે). જે પૈકી ક્ર. ૩૧ અને ૪૨ પર દર્શાવેલ સર્વે નં. સરકારી પડતર છે જેનો કુલ વિસ્તાર ૧.૯૧ હેક્ટર થાય છે અને બાકી રહેતી જમીન ૫૫.૯૪ હેક્ટર ખાનગી માલિકીની ડુબમાં જતા જમીન સંપાદનની કાર્યવાહી કરવાની રહે છે.
- સદરહુ યોજનાનો ખર્ચ હાલના ભાવો ધ્યાને લેતા આશરે ૧૩૩૯=૦૦ લાખ થવા પામે તેમ છે. આ ઉપરાંત જમીન સંપાદનનો ખર્ચ અલગ થશે.
- (જમીન સંપાદન રેગ્યુલર એવોર્ડ થી આશરે ૭૮૦=૦૦ લાખ ખર્ચ) અથવા (જમીન સંપાદન સંમત્તિ એવોર્ડ થી આશરે ૮૨૯=૦૦ લાખ ખર્ચ)

## મૂળ રજુઆત અને વિરોધ

- મોટીગોપ, સોનવડીયા, તથા રબારીકાના ગ્રામ પંચાયતો દ્વારા યોજના બાંધવાની રજૂઆત કરવામાં આવેલ.
- જે અન્વયે જીણાવારી ગામના અસરગ્રસ્ત ખાતેદાર ખેડુતો વતી શ્રી રૂડાભાઈ મસરીભાઈ કરથીયા દ્વારા માન.મુખ્યમંત્રીશ્રીને જીણાવારી સિંચાઈ યોજનાનું કામ આગળ ન વધારવા બાબતે રજુઆત કરવામા આવેલ. તેમજ સદરહુ સુચિત નાની સિંચાઈ યોજનાને બદલે આ સીરીઝ ઓફ ચેકડેમ બનાવવા તેમજ હયાત ચેકડેમની સંગ્રહશક્તિ વધારવા બાબતે સરકારશ્રીને રજુઆત કરવામા આવેલ જેનાથી અસરગ્રસ્ત ખાતેદારોને સિંચાઈનો પુરતો લાભ મળી રહે.
- સુચિત જીણાવારી સિંચાઈ યોજનાના સ્થળથી ઉપરવાસમાં ૯ (નવ) હયાત ચેકડેમ આવેલ છે તથા નીચવાસમાં ૨(બે) ચેકડેમો આવેલા છે.
- સ્થળ પર સર્વેક્ષણ દરમ્યાન સ્થાનિક આગેવાનો/ગ્રામજનો/અસરગ્રસ્તો દ્વારા વિરોધ દર્શાવી કામગીરી હાથ ન ધરવા જણાવવામા આવેલ. જે અંગે તેઓ દ્વારા વખતોવખત વર્ષ ૧૯૯૯,૨૦૧૧ તેમજ ૨૦૧૭ થી વિવિધ રજૂઆતો પણ ક્ષેત્રીય કક્ષાએ કરવામા આવેલ.
- જે અન્વયે જાન્યુઆરી-૨૦૧૭ મા ક્ષેત્રીય અધિકારીઓ દ્વારા જીણાવારી ગામ ખાતે રૂબરૂ મુલાકાત લઇ સરપંચશ્રી તેમજ સ્થાનિક આગેવાનો/ગ્રામજનો/અસરગ્રસ્તો સમક્ષ સંયુક્ત બેઠક હાથ ધરવામાં આવેલ, તેમ છતા અસરગ્રસ્ત ખાતેદારો યોજનાકીય કામગીરી હાથ ધરવા સંમત્તિ આપવામાં આવેલ નહી.
- તાજેતરમા, ૨૦૨૩ મા સ્થાનિક આગેવાનો/ગ્રામજનો/અસરગ્રસ્તો દ્વારા પુનઃ પ્રસ્તુત બાબતે વિરોધ દર્શાવી કામગીરી હાથ ન ધરવાની રજૂઆત ક્ષેત્રીય કક્ષાએ કરવામા આવેલ છે.

- આમ યોજનાકીય કામગીરી અર્થે સરકારશ્રી દ્વારા જમીન સંપાદન માટે સંમત્તિ આપવા સંપર્ક કરેલ હોય તથા સરકારશ્રી દ્વારા લગત ખાતેદાર/અસરગ્રસ્તોને જમીન સંપાદન તેમજ યોજના વિષે સમજણ આપવા છતા આ બાબતે જરૂરી સંમત્તિ મળેલ નથી.

સારાંશ:

આમ સરકારશ્રી દ્વારા ખાતેદારો/અસરગ્રસ્તોના વિરોધ હોવા છતા પણ આજની તારીખે આ યોજના રદ કરવામા આવેલ નથી, પરંતુ જો માન.ધારાસભ્યશ્રી દ્વારા આ કાર્યમા ખાતેદારો/અસરગ્રસ્તોની સમંત્તિ મેળવી આપવામા મદદરૂપ થઇ સમંત્તિ મેળવી આપવામા આવશે તો સરકારશ્રી દ્વારા આ યોજના હાથ ધરી શકાશે.

આ યોજના સંપન્ન/કાર્યરત થયેથી આશરે ૩૯૭ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળી શકે તેમ છે તેમજ આ યોજનાથી આશરે ૬૩.૭૫ મિલિયન ઘનફૂટ (Mcft) પાણીનો જથ્થો સંગ્રહ થશે.

૭૮

## અગ્રતા ક્રમ નં. :૧૧

## યોજના અંગેનો ઘટનાક્રમ અને યોજના ન થવાના કારણો

- ➢ ઝીણાવારી નાની સિંચાઇ યોજના જામનગર જીલ્લાના જામજોધપુર તાલુકાના ઝીણાવારી ગામથી ૫૦૦ મીટર ઉપરવાસમાં વર્તુ નદીની પ્રશાખા પર સુચિત કરવામાં આવેલ છે.
- ➢ ઝીણાવારી નાની સિંચાઇ યોજનાથી થનાર હયાત વર્તુ-૧ સિંચાઇ યોજનાના સ્ત્રાવક્ષેત્રના આંતરક્ષેપનનેસરકારશ્રીદ્વારા તા: ૧૪-૧૨-૧૯૯૮ થી ખાસ કિસ્સા તરીકે મંજુરી આપવામાં આવેલ છે.
- ➢ તા: ૧૬-૭-૧૯૯૯ થી જીણાવારી નાની સિંચાઇ યોજનાનાદાર્શનિક અહેવાલને શરતી મંજુરી આપવામાં આવેલ છે.
- ➢ જે અન્વયે યોજનાના જુદા જુદા વિકલ્પો ચકાસી ૦૧-૦૭-૨૦૦૩ થી એક વિકલ્પ (વિકલ્પ-૨) આખરીકરણ કરવામાં આવેલ.
- ➢ ત્યારબાદ મંજુર થયેલ વિકલ્પ અન્વયે સૂચિત સ્થળ ભૂસ્તરીય સંશોધન અર્થે ડ્રીલીંગકામ કરી તે અંગેના ભુસ્તરીય અહેવાલ રજૂ કરવામા આવેલ.જે અન્વયે આજદીન સુધી આશરે ૩.૨ લાખથી ૩.૨.૫ લાખનો ખર્ચ થવા પામેલ છે.
- ➢ જે અન્વયે સ્થળ પર સર્વેક્ષણ દરમ્યાન સ્થાનિક આગેવાનો/ગ્રામજનો/ અસરગ્રસ્તો દ્વારા વિરોધ દર્શાવી કામગીરી હાથ ન ધરવા જણાવવામા આવેલ. જે અંગે તેઓ દ્વારા વખતોવખત વર્ષ ૧૯૯૯, ૨૦૧૧ તેમજ ૨૦૧૭ થી વિવિધ રજૂઆતો પણ ક્ષેત્રીય કક્ષાએ કરવામા આવેલ.
- ➢ જે અન્વયે જાન્યુઆરી-૨૦૧૭ મા ક્ષેત્રીય અધિકારીઓ દ્વારા જીણાવારી ગામ ખાતે રૂબરૂ મુલાકાત લઇ સરપંચશ્રી તેમજ સ્થાનિક આગેવાનો/ગ્રામજનો/ અસરગ્રસ્તો સમક્ષ સંયુક્ત બેઠક હાથ ધરવામાં આવેલ, તેમ છતા અસરગ્રસ્ત ખાતેદારો યોજનાકીય કામગીરી હાથ ધરવા સંમત્તિ આપવામાં આવેલ નહી.

- તાજેતરમા, ૨૦૨૩ મા સ્થાનિક આગેવાનો/ગ્રામજનો/અસરગ્રસ્તો દ્વારા પુન: પ્રસ્તુત બાબતે વિરોધ દર્શાવી કામગીરી હાથ ન ધરવા રજૂઆત ક્ષેત્રીય કક્ષાએ કરવામા આવેલ છે.
- આમ યોજનાકીય કામગીરી અર્થે સરકારશ્રી દ્વારા જમીન સંપાદન માટે સંમત્તિ આપવા સંપર્કકરેલ હોયતથા સરકારશ્રી દ્વારા લગત ખાતેદાર/અસરગ્રસ્તોને જમીન સંપાદન તેમજ યોજના વિષે સમજણ આપવા છતા આ બાબતે જરૂરી સંમત્તિ મળેલ નથી.

આમ સરકારશ્રી દ્વારા ખાતેદારો/અસરગ્રસ્તોના વિરોધ હોવા છતા પણ આજની તારીખે આ યોજના રદ કરવામા આવેલ નથી, પરંતુ જો માન.ધારાસભ્યશ્રી દ્વારા આ કાર્યમા ખાતેદારો/અસરગ્રસ્તોની સમંત્તિ મેળવી આપવામા મદદરૂપ થઇ સમંત્તિ મેળવી આપવામા આવશે તો સરકારશ્રી દ્વારા આ યોજના હાથ ધરી શકાશે.

આ યોજના સંપન્ન/કાર્યરત થયેથી આશરે ૩૯૭ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળી શકે તેમ છે તેમજ આ યોજનાથી આશરે ૬૩.૭૫ મિલિયન ઘનફૂટ (Mcft) પાણીનો જથ્થો સંગ્રહ થશે.